Extra No. 260

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

હુકમ

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ હુકમ

વંચાણમાં લીધુ:

- સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/૯૬૪૭ થી ૯૭૬૧

નં.ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી.૩૪૮૧ થી ૩૪૯૮/૨૦૨૬:- આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૨૬ની જોગવાઈ તથા રાજકીય પ્રચારનો સમયગાળો પૂરો થયા પછી મતદાર વિભાગમાં રાજકીય પદાધિકારીઓની હાજરી ઉપર પ્રતિબંધ અંગેની સૂચનાઓ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં નીચેની બાબતો અંગે પ્રતિબંધ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખતાલે, આઈ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ ગાંધીનગર જિલ્લામાં યોજાનાર વિસ્તારોમાં નીચે મુજબની પ્રવૃતિઓ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

- પંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચારસંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદ્દેશથી કોઈપણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ચૂંટણી અધિકારીશ્રી અથવા અન્ય સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી સિવાય ચૂંટણીના કામે વાહનોનો ઉપયોગ કરી શકશે નહીં.

- ચૂંટણી પ્રચારનો સમયગાળો પૂરો થયા બાદ પછી મતદાર વિભાગમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહીં તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ / ચૂંટણી પ્રચારકો વિગેર એક જેઓએ મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા પર પ્રતિબંધ ફરમાવું છું.

- ચૂંટણી પ્રચાર માટે આવેલ રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ / ચૂંટણી પ્રચારકો વિગેરેને મતદાન પૂરૂ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામ ગૃહ / અતિથિ ગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે નહીં.

- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬ની જોગવાઈઓનું રાજકીય પદાધિકારીઓ / પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ / ચૂંટણી પ્રચારકો વિગેરી ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

- લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૩(૫) ની જોગવાઈઓનું ઉમેદવાર તેના એજન્ટ કે કાર્યકર / કાર્યકરોએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ જોગવાઈનો ભંગ કરનાર સામે ઉક્ત જોગવાઈઓ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ ગાંધીનગર જિલ્લાના જે વિસ્તારમાં ચૂંટણી થનાર છે તે હદ વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ ના રોજ પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે. કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.04.20 14:51:56 IST